ગાંધીનગર સમાચાર

# પ્રાંતિજમાં ચાલતી કારમાં આગ લાગતા નાસભાગ

## કારચાલક સહિત માલિકનો આબાદ બચાવ

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર વડાલીથી અમદાવાદ તરફ જઈ રહેલ કારમાં આગ લાગતાં કારમાં સવારી કરી રહેલ બે નો આબાદ બચાવ થયો હતો.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ હિંમતનગર અમદાવાદ નેશનલ હાઈવે રોડ પ્રાંતિજ પોલીસ સ્ટેશન પાસે અમદાવાદ તરફ જઈ રહેલ કાર નંબર જીજે-૧ઈજી-૭૧૮૪માં અચાનક વાયરીંગમાં સોર્ટસર્કીટના કારણે ચાલુ કારમાં આગળની સાઈડે આગ લાગતાં કારચાલકને ખબર પડતાં સાઈડમાં કરી હતી અને તે સમયે જ નગરપાલિકાના ઉપપ્રમુખ પંકજભાઈ મોદી ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. તેવોએ નગરપાલિકા ફાયરફાયટરને ફોન કરતાં ફાયર મુકેશભાઈ તથા ગોપાલભાઈ તાત્કાલિક ઘટનાસ્થળે ફાયરફાયટર સાથે દોડી આવ્યા હતા અને કારમાં લાગેલ આગ હોલવી હતી. જ્યારે પ્રાંતિજ પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. જ્યારે કારમાં સવારી કરી રહેલ કારમાલીક પ્રજાપતિ સંજયભાઈ તથા કારચાલક ડ્રાઈવરનો આબાદ બચાવ થયો હતો.



આજે શ્રાવણની અમાસ એટલે શનિ અમાવસનો અનોખો સંયોગ હોવાથી તેનું શનેશ્વરી અમાસ તરીકે અનેરૂ માહત્મ્ય છે. ન્યાયના દેવતા ગણાતા શનિદેવના ભક્તો આજે શનિ અમાવસના જુજ સંયોગ આવતા ભગવાન શનિહારાજના આશીર્વાદ મેળવવા શ્રી વારીનાથ હનુમાનજી પંચદેવમ એવમ શ્રી શનિદેવ મંદિર લીંભોઈમાં અરવલ્લી જિલ્લાના અને આજુબાજુના ગામડાના ભક્તજનો ઉમટી પડ્યા હતા. અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના લીંભોઈ ગામમાં આવેલ શ્રી વાડીનાથ હનુમાનજી પંચદેવમ એવમ શ્રી શનિદેવ મંદિર લીંભોઈના પટાંગણમાં જુજસંયોગમાં આવતી શનિ અમાવસ્યાના દિવસે શ્રી શનિદેવ મહારાજનો અભિષેક ૫૬ ભોગ પ્રસાદ તેમજ સંધ્યા આરતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : જય અમીન, મોડાસા)

# મેઘરજમાં પાંચ શંકાસ્પદ ડેન્ગ્યુના દર્દી મળતા તાલુકામાં ખળભળાટ

ઈસરી, તા. ૧૨

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ૫ જેટલા જુદા જુદા ગામડાઓમાં શંકાસ્પદ ડેન્ગ્યુના દર્દીઓ નીકળતા તમામ દર્દીઓને મોડાસા તેમજ અમદાવાદની જુદી જુદી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. મેઘરજ તાલુકામાં ડેન્ગ્યુના દર્દીઓ બહાર આવતા સમગ્ર પંથકમાં ખળભળાટ મચી જવા પામી છે.

વિગત એવી છે કે છેલ્લા એક માસથી વરસાદ ખેંચાવાના કારણે અને અસહ્ય કાળઝાળ ગરમીના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ જવા પામ્યું છે. ખેડૂતો પાયમાલ થઈ જવા પામ્યા છે. જ્યારે બીજી તરફ અગન જેવી ગરમીના કારણે શરીર દજાઈ રહ્યું છે. ત્યારે મેઘરજ નગરમાં ઠેર ઠેર અસહ્ય ગંદકીના કારણે ભયંકર તાવ, ટાઈફોઈડ, મેલેરીયા, કોલેરા તેમજ કમળાના જુદા જુદા વ્યાપક પ્રમાણમાં રોગો ફેલાવા માંડ્યા છે. જેના કારણે સમગ્ર નગરના ખાનગી દવાખાનાઓ હોસ્પિટલો ઉભરાવા માંડી છે. મેઘરજ તાલુકામાં તેમજ સરહદે અડીને આવેલ રાજસ્થાનમાં પણ ડેન્ગ્યુ અને સ્વાઈનફ્લુએ ભરડો પેદા કર્યો છે. રાજસ્થાનના દર્દીઓ પણ મેઘરજની હોસ્પિટલમાં આવી સારવાર લઈ રહ્યા છે.

મળતી માહિતી અનુસાર મેઘરજ તાલુકામાં કુણોલ, ઈપલોડા, શાન્તિપુરા કંપા, વલુણા અને રાજસ્થાનના ચારાવાડા ગામના ૫ જેટલા ડેન્ગ્યુના શંકાસ્પદ દર્દીઓ બહાર આવતા તાકીદે આ દર્દીઓએ મેઘરજની જુદી જુદી હોસ્પિટલોની લેબોરેટરીઓમાં પરિક્ષણ કરાવતા આ તમામ દર્દીઓને પ્લેટલેટકણો ઓછા થવાના કારણે તેમજ ઉલ્ટીઓ, માથુ દુખવાના કારણે આ દર્દીઓ શંકાસ્પદ ડેન્ગ્યુ જણાતા તાકીદે મોડાસાના ફીજીશીયન તબીબો પાસે સારવાર લીધા બાદ હાલ આ તમામ આ દર્દીઓ અમદાવાદની જુદી જુદી હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે.

# બાયડ પોલીસે લૂંટનો ગુનો ઉકેલી ગુનેગારોને જેલ હવાલે કર્યા

બાયડ, તા. ૧૨

આજથી આશરે પંદર એક દિવસ પહેલા અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના અલ્વા કમ્પાની સીમમાં બાયડ સત્યમ સોસાયટીના રહેવાસી સોમેશ્વર ખુશાલભાઈ પંડ્યા પોતાના કામાર્થે ધનસુરાથી બાયડ તરફ જઈ રહ્યા હતા તે સમયે અલવા કમ્પાની સીમમાં અચાનક જ ઓવરટેક કરી બોલેરો ગાડીને અટકાવી દીધી હતી અને અંદર બેઠેલા સોમેશ્વર ખુશાલભાઈ પંડ્યા તથા તેમની સાથે બેઠેલા ભીખાભાઈને નીચે ઉતારી ગાળો બોલી, ગડદા પાટુનો માર મારી અને મોબાઈલ ફોન ફેંકી દઈ તેમના ડાબા ખિસ્સામાં રહેલ રોકડ રકમ લઈ લુંટ કરી લુંટારૂઓ ફરાર થઈ



મોડાસા નડીયાદ હાઈવે ઉપર થઈ પોતાની બોલેરો ગાડી નંબર જીજે-૦૯-બીબી૧૨૭૭ લઈ જઈ રહ્યા હતા તે સમયે પાછળથી આવી રહેલ ઈક્કો ગાડીના ડ્રાઈવરે ગયા હતા. આ અંગેની ફરીયાદ તેઓએ બાયડ પોલીસમાં તા. ૨૪-૮-૨૦૧૫ના રોજ કરતાં પોલીસે આ કામના આરોપીઓને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. ત્યારે પોલીસે બાતમીના આધારે આ લુંટારૂઓને પકડી પાડવામાં સફળતા સાંપડી છે અને આ લુંટમાં વપરાયેલ ઈક્કો કાર પણ કબજે લઈ પોલીસે આ ગુનામાં સંડોવાયેલા ગુનેગારો શશીકાંત રમણભાઈ પરમાર રહે. મોમદપુરા, તા. કપડવંજ, શૈલેષભાઈ ગગાભાઈ રાઠોડ રહે. આંત્રોલી, તા. કપડવંજ, ગીર્વાભાઈ મહોબતભાઈ પરમાર રહે. ફાલીયાબાદ, તા. કપડવંજ, દિલીપભાઈ અંબાલાલભાઈ સોલંકી રહે. મોમદપુરા, તા. કપડવંજ આ ચારે ગુનેગારોને પકડી લઈ કોર્ટમાં રજુ કરી બીજા અન્ય કોઈ ગુનામાં સંડોવાયેલા છે કે કેમ તેની તપાસ માટે કોર્ટમાં રજુ કરી લુંટારૂઓના ૩ દિવસના રિમાન્ડ મંજુર થતા પોલીસે આ લુંટારૂઓને જેલના સળીયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

(સમીર બલોચ, મોડાસા)



**મોડાસાના બજારમાં વિઘ્નહર્તાની મૂર્તિઓનું આગમન**

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેર અને સમગ્ર જિલ્લામાં વિઘ્નહર્તા દુદાળાદેવ ગણેશોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. મોડાસા શહેરના મુખ્ય બજારમાં વિવિધ રૂપરંગના અને અલગ અલગ કદની ગણપતિદાદાની મૂર્તિઓ શહેરમાં વેચાણ અર્થે આવી છે. મોડાસાના ગણપતિદાદાની મૂર્તિ વેચનાર વેપારીના જણાવ્યા અનુસાર જિલ્લાના અને મોડાસા શહેરના પ્રજાજનો દ્વારા સોસાયટી, શેરીઓ અને મોહલ્લા તેમજ ઘરમાં સ્થાપિત કરીને ગણપતિદાદાના ગણેશોત્સવ ઉજવવામાં દિવસે દિવસે નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. શહેરમાં અને જિલ્લામાં જાહેર જગ્યાએ ઉજવાતા વિઘ્નહર્તાના ઉત્સવમાં ગણપતિદાદાની મૂર્તિઓ મુખ્યત્વે અમદાવાદ અને વડોદરા સુરતથી લાવવામાં આવે છે. જ્યારે ઘરમાં સ્થાપિત કરનારો દાદાના ભક્તજનો મહત્તમ અમારા પાસેથી મૂર્તિ ખરીદી કરતા હોવાથી નાની મૂર્તિઓ ખરીદવા ભાવિકો ઉમટી પડે છે. (જય અમીન, મોડાસા)

# લાખણી-ગેળા વચ્ચે બાઈક અને કાર વચ્ચે અકસ્માત : બાઈકચાલકનું મોત

ધાનેરા, તા. ૧૨

બનાસકાંઠાના લાખણી પાસે બાઈક અને સ્વીફ્ટ ગાડી વચ્ચે અકસ્માત સર્જાતા બાઈકચાલકનું મોત નીપજતાં અરેરાટી મચી જવા પામી હતી. આગથળા પોલીસે અકસ્માત ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠામાં જાણે યમરાજાએ ધામા નાખ્યા હોય તેમ એક બાદ એક અકસ્માત સર્જાઈ રહ્યો છે અને નિર્દોષ લોકો મોતને ભેટી રહ્યા છે ત્યારે આજે પણ બનાસકાંઠા જિલ્લાના લાખણી-ગેળા વચ્ચે બાઈક અને સ્વીફ્ટ ગાડી વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાીકચાલક આયદાનભાઈ બાબુભાઈ મણવર રહે. ગોલાવી તાલુકો દિયોદર વાળાનું મોત નીપજ્યું હતું. જ્યારે મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું કે અકસ્માત થયાને ૧૫ મિનિટ બાદ મૃતકના પરિવારજનોને બોલાવ્યા વગર ત્યાંથી પોલીસ દ્વારા ગાડી હટાવી લેવાતા મૃતકના પરિવારજનોએ તેનો વિરોધ કર્યો હતો અને આ વિરોધને લઈ કલાકો સુધી મૃતકનો મૃતદેહ લાખની રેફરલ હોસ્પિટલમાં પડી રહી હતી અને રેફરલ હોસ્પિટલમાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને તે બાદ પોલીસે અને અગ્રણીઓ વચ્ચ સમાધાન થતા મામલો થાલે પડ્યો હતો. અને બપોરે ત્રણ વાગે મૃતદેહનું પી.એમ. કરી પરિવારજનોને શોંપી પોલીસે આગળની તપાસ હાથ ધરી હતી.

# બનાસકાંઠા જિલ્લા પંચાયત સહિત ૨૨ તાલુકા પંચાયત પ્રમુખની ચૂંટણી જાહેર

## ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર સુધી બનાસકાંઠા જિલ્લામાં પંચાયતોની ચૂંટણી યોજાશે

પાલનપુર, તા. ૧૨

ભારે વિવાદાસ્પદ બનેલ બનાસકાંઠા જિલ્લા પંચાયત સહિત બનાસકાંઠાની ૧૨ તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી આજે જાહેર થઈ છે. તા. ૨૨ થી ૨૪ સપ્ટમ્બર સુધી બનાસકાંઠા જિલ્લાની ૧૨ તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતની ચૂંટણી યોજાશે તેમ મોડાસાના જિલ્લા વિકાસ અધિકારી ગૌરવ દહીયાએ જણાવ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ તા. ૨૩-૯-૧૫ના રોજ બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપ પ્રમુખની ચૂંટણી જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને યોજાશે.

જ્યારે તા. ૨૨-૯-૧૫ના રોજ થરાદ દિયોદર-કાંકરેજ-ભાભર-દાંતા અને વાવની ચૂંટણી યોજાશે. જ્યારે તા. ૨૪-૯-૧૫ના રોજ પાલનપુર, વડગામ, ડીસા-ધાનેરા-અમીરગઢ અને દાંતીવાડા તાલુકાની ચૂંટણી યોજાશે. દરમ્યાન ચૂંટેલા નક્કી થયેલ તારીખ મુજબ પ્રમુખ અને ઉપ પ્રમુખના ઉમેદવારીપત્ર ભરાશે. જિલ્લા પંચાયતની પાલનપુર ખાતે સવારે ૧૧ વાગે ચૂંટણી યોજાશે.

# સૌરાષ્ટ્રમાં પુનઃ વાવાઝોડાનો ખતરો

## લો-પ્રેશરની સ્થિતિ સર્જાઈ : ડિપ ડિપ્રેશનના કારણે હવામાનમાં પલટો આવે તેવા એંધાણ

## વાવાઝોડાનું નામ ચાપાલા રાખવામાં આવ્યું : હવામાન વિભાગની ચાંપતી નજર

અમદાવાદ, તા.૧૨

સૌરાષ્ટ્ર અને અન્ય વિવિધ ભાગોમાં વાવાઝોડાનો ખતરો તોળાઈ રહ્યો છે. આગામી દિવસોમાં વાવાઝોડાના કારણે વરસાદ પણ થઈ શકે છે. ભારતીય સમુદ્રના ઉત્તર તરફના હિસ્સામાંથી ચાપાલા નામનું એક નવું વાવાઝોડું ત્રાટકે તેવી પ્રબળ સંભાવના ઉભી થઈ છે. ચાપાલા નામનું આ વાવાઝોડુ મુંબઈના દરિયાકાંઠે અને અરબી સમુદ્રમાં તા. ૨૦ આસપાસ ઉદ્રવે તેવી સંભાવના હવામાન ખાતાના જાણકારો વ્યક્ત કરી રહ્યા છે. ચોમાસાની ચાલુ સીઝન પ્રમાણમાં નબળી સાહિત થઈ છે અને વરસાદની ખાદ્ય રહી છે પરંતુ બંગાળની ખાડી અને અરબી સમુદ્રમાં વાવાઝોડાનું પ્રમાણ આ વર્ષે વધુ રહ્યું છે. ગયા જુન મહિનામાં અસોબા નામના વાવાઝોડા અને તેના પગલે -પગલે સર્જાયેલા ડીપ ડિપ્રેશનના કારણે ગુજરાતને ભારે અસર થઈ હતી.

આ ઉપરાંત ચોમાસાની સીઝનના મધ્ય ભાગમાં કોમેન નામનું વાવાઝોડુ પણ ત્રાટક્યુ હતું. ચાપલા નામનું બંગાળની ખાડીમાં નવું ઉદ્રવી રહેલુ વાવાઝોડુ કેવી પ્રબળ રહેશે તેની જાણકારી આગામી દિવસોમાં મળી રહેશે પરંતુ ચાપાલા નામના વાવાઝોડા પૂર્વ બંગાળની ખાડીમાં આદ સવારથી જ લો-પ્રેશર ઉદ્રવ્યું છે. સમગ્ર સીસ્ટમ ઓડીસાના દરિયાકાંઠે ઉદ્રવી છે. પરંતુ આગામી સમયમાં તે આંધ્રપ્રદેશના દરિયાકાંઠાને પણ આવરી લે તેમ જણાય છે. આ સીસ્ટમ આગામી તા. ૧૮ની આસપાસ મુંબઈ પહોંચે અને તેના કારણે ભારે વરસાદની પણ સંભાવના ઉભી થઈ છે. અહીંથી આ સીસ્ટમ અરબી સમુદ્ધ તરફ ગતિ કરશે અને ત્યારે ચાપાલા નામનું વાવાઝોડુ ઉદ્રવશે તેમ હવામાન ખાતાના જાણકારો કહી રહ્યા છે. વાવાઝોડુ સૌરાષ્ટ્રના દરિયાકાંઠાને સ્પર્શીને ઓમાન તરફ ગતિ કરે તેમ હાલની પરિસ્થિતિએ જણાય રહ્યું છે. હવામાન ખાતાના સત્તાવાર સાધનોમાં જણાવ્યા મુજબ તા. ૧૬ આસપાસ આંધ્ર અને કર્ણાર્ટિકના દરિયાકાંઠે ડીપ ડિપ્રેશન તથા વાવાઝોડોના ઉદ્રવની પ્રક્રિયા ઝડપી બનશે અને ત્યારબાદ આ વાવાઝોડુ અરબી સમુદ્ધ થઈને મુંબઈ તથા સૌરાષ્ટ્રના દરિયાકાંઠાને સ્પર્શે તેમ જણાય રહ્યું છે.

### કેન્સર નિદાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ આ દરમિયાન રજુ કરશે.એપાલો સી બી સી સેન્ટર દ્વારા આજ સુધી ૧૧૮ ટ્રાન્સપ્લાન્ટ સાથે સ્ટેમ સેલ સારવારના ૮ વર્ષ પુર્ણ કરવામાં આવ્યા છે. આ જનજાગૃતિ અભિયાનની ઉજવણીમાં જાહેર આરોગ્ય વિભાગના એડીશ્નલ ડાયરેકટર ડો પરેશ દવે અભિનેતા અર્ચન ત્રિવેદી ગુજરાત કેન્સર સોસાયટીના સેક્રેટરી ક્ષિતિજ મદન મોહન હાજરી આપશે. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે બ્લડ કેન્સર થવાના કારણો જાણી શકાયા નથી પરંતુ તેના લક્ષણો અંગે પણ સમાજમાં જાગૃતિ કેળવાય તે મહત્વની બાબત છે. જેમા સતત તાવ આવવો, વજન ઉતરે શરીર પર ચકામા પડવા, ગાંઠ ફુલવી લોહી પડવુ તેમજ વાગ્યા વિના ફેકચર થવુ જેવા લક્ષણો બ્લડ કેન્સરના દર્દીના હોઈ શકે છે.

### મંજુરી નહિ ● અનુસંધાન પહેલાનું ચાલુ

સમિતિના સભ્યોએ કોઈપણ ભોગે આવતીકાલની યાત્રા કાઢવાનો નિર્ણય લઈને યાત્રાની વ્યૂહરચના ઘડી કાઢી છે. આ યાત્રા દરમિયાન કોઈપણ વર્ગવિગ્રહ ન થાય અને સમાજમાં શાંતિ અને સુલેહ જળવાઈ રહે તે માટેની અપીલ કરતા હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, યાત્રાના પ્રારંભે ૭૮ સભ્યો જોડાશે ત્યારબાદ આ ૧૪ દિવસની યાત્રા દરમિયાન મારી સાથે લાખો લોકો જોડાશે અને પાટીદાર અનામત આંદોલન ફરી એકવાર વેગ પકડશે.

નવસારી જિલ્લા વહીવટી વિભાગ દ્વારા ૫ એસઆરપીની ટીમ, ૨ એસપી, ૭ ડીવાયએસપી, ૩૭ પીઆઈ, ૯૭ પીએસઆઈ ઉપરાંત સ્થાનિક તથા જિલ્લા બહારની પોલીસ સાથે અંદાજિત ૨૦૦૦ જેટલા જવાનો અને સીઆરપીએફની પ્લાટુન તૈનાત કરી દેવામાં આવી છે.

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે મિનિ મેરેથોન દોડ યોજાઈ

દાંતીવાડા, તા. ૧૨

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે ૧૧ સપ્ટેમ્બરના રોજ સ્વામી વિવેકાનંદજીએ અમેરીકા ખાતે વિશ્વ ધર્મ પરિષદમાં આપેલ ઐતિહાસિક પ્રવચનની યાદમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ મિનિ મેરેથોન ૨૦૧૫ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં દોડવીરોએ ભાગ લીધો હતો.

યુવાનોના આદર્શ એવા અમેરીકાના શિકાગો શહેર ખાતે



સ્વામી વિવેકાનંદજીએ તા. ૧૧ સપ્ટેમ્બર, ૧૯૮૩ના રોજ યોજાયેલ વિશ્વ ધર્મ પરિષદમાં પોતાના પ્રથમ પ્રવચનમાં જ વિશ્વભરમાંથી ઉપસ્થિત ધર્માચાર્યોને ભારતની ભવ્ય સાંસ્કૃતિક, આધ્યાત્મિક તથા વૈચારીક શક્તિનો પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ સ્વામી વિવેકાનંદ પોતાના જ્ઞાન તથા ઉદબોધાના કારણે સમગ્ર વિશ્વમાં ભારે પ્રસિદ્ધ થયા હતા. ત્યારથી ૧૧ સપ્ટમ્બરના દિવસને સમગ્ર ભારત દેશ 'વિશ્વ બંધુત્વ દિન' તરીકે ઉજવે છે. જે અનુસંધાને છેલ્લા કેટલાક વર્ષોથી સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે પણ 'વિશ્વ બંધુત્વ દિન' નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી તથા સ્વામી વિવેકાનંદ સ્મારક સમિતિ, સરદાર કૃષિનગરના સંયુક્ત આયોજન હેઠળ 'મિનિ મેરેથોન-૨૦૧૫'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થી કલ્યાણ નિયામક ડૉ. વી.આર. પટેલ ઉપસ્થિત રહી ઉદ્‌બોધન કર્યું હતું તેમજ મહેમાન તરીકે વિસ્તરણ નિયામક ડૉ. કે.એ. ઠક્કર અને સહ સંશોધન નિયામક ડૉ. ડી.વી. જોષી ઉપસ્થિત રહ્યા હતા.

નવોદય વિદ્યાલયના ૬૯૨ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. તેમજ નિર્ણાયક તરીકે યુનિવર્સિટીના ડૉ. દિનેશભાઈ પટેલ, ડૉ. રતનદીપસિંઘ, ડૉ. અરૂણ પટેલ, ડૉ. કમલેશ જોષી, ડૉ. કુલીશ જોષી ઉપસ્થિત રહ્યા હતા. દરેક શ્રેણીમાં પ્રથમ આવેલ સ્પર્ધકોને શિલ્ડ તથા પ્રમાણપત્ર તેમજ દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. તેમજ દરેક સ્પર્ધક માટે લિંબુ સરબતની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

### દુષ્કાળગ્રસ્ત જાહેર કરો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્યમાં દુષ્કાળની પરિસ્થિતિ જોતાં ખેડૂતો માટે રાજ્ય સરકારે તાત્કાલિક ચાલુ વર્ષે ખેડૂતોને દુષ્કાળની પરિસ્થિતિમાં વિજ દરમાં માફી આપવી જોઈએ. સિંચાઈના દરોની વસુલાતમાં માફી આપવી જોઈએ. કૃષિ લોન ઉપરનું ચાલુ વર્ષનું વ્યાજ સંપૂર્ણ પણે માફ કરવું જોઈએ. તેમજ ખેડૂતોને કૃષિક્ષેત્રે આઠ કલાકને બદલે ૧૬ કલાક વીજળી આપવી જોઈએ તેવી પણ સિદ્ધાર્થ પટેલે માંગણી કરી છે.

ગુજરાતના ખેડૂતોના હિતમાં રાજ્ય સરકાર આ નિર્ણયો તાકીદે લે અને ગુજરાતને દુષ્કાળગ્રસ્ત જાહેર કરે તેવી માંગણી કરી છે.

### રંગમંચનું ટોકન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈતિહાસ અને ઉપયોગીતાનો વિચાર કર્યા વિના રુપીયા ૧૦ હજારનું તોંતિગ ભાડું નિયત કરી દાધુ છે.આમ નાગરિકોની જરુરીઆત અને સુવિધાનો ખ્યાલ કર્યા વગર જ મહાનગર પાલિકાએ ભાડું નિયત કર્યું હોય તેવું સ્પષ્ટ થાય છે. શહેરના અન્ય રંગમંચો કંગાળ હાલતમાં હોવાથી તેનો યોગ્ય ઉપયોગ થઈ શકતો નથી.

બીજી તરફ રંગમંચના નવિનીકરણ બાદ તેના નામાભીધાન અંગે પણ વિવાદ સર્જાયો છે. નગરમાં રહી ચુકેલા અને કલા ક્ષેત્રે રાજયના નામ ઉજળું કરનારા નામી કલાકારો વિસરાયા છે. જયારે સ્વાત્રંય સેનીનીઓને પણ યાદ કરાયા નથી. જયારે નામાભીધાન અને ઉદ્‌ઘાટનના કાર્યક્રમમાં પણ સ્થાનિક નાગરિકોને સામેલ કરાયા નથી. આ મામલે મહાનગર પાલિકા કે સરકાર નગરના ઈતિહાસને ધ્યાને લઈ કાઈ નવતર પગલું હાથ ધરે તે અનિર્વાય છે. આ ઉપરાંત રંગમંચના ભાડા અને નામાભિધાન માટે આમ નાગરિકોને સહભાગી બનાવી નિર્ણય લેવાય તેવી લાગણી પણ મહામંડળે વ્યક્ત કરી છે.

### વન્યસૃષ્ટિ... (ચોથા પાનાનું ચાલુ...)

સંરક્ષણના સતત ભગીરથ પ્રયાસોને કારણે વર્ષ ૧૯૭૦માં ૬૫૦૦૦ જેટલા બ્લેક રાહનો સોર્સ કે જે ૧૯૯૩માં ફક્ત ૨૩૦૦ બચ્યાં હતાં તે જ રીતે સાઉર્ધન વ્હાઈટ ગેંડા વર્ષ ૧૯૦૦ માં ફક્ત ૫૦ હતાં તે આજે ૨૦,૦૦૦ જેટલી થવા પામેલ છે. ભારતમાં જોવા મળે છે તેવા 'ગ્રેટર વન હોર્નડ રહાઈનો સોર્સ'ની વસતી ૩૩૩૩ જેટલી છે. આમ છતાં, સમસ્યાની ગંભીરતા ઓછી થતી નથી.

પૃથ્વી સહુની છે, માનવો અને વન્યજીવો બંનેની છે. વન્યજીવો માટેના વિસ્તારો કે કુદરતી સ્ત્રોતોને તેમના જ જાહેર કરીને આપણે માનવો સદંતર હસ્તક્ષેપ ન કરીએ તેવું ન બની શકે. આપણે માનવો વન્યજીવોને અભયવચન કયારે આપશું?

ટચૂકડી જાહેર ખબર

**ગાંધીનગર માટે**
કલર ટી.વી.
14", 20", 21"
જુના બંધ હાલતમાં જોઈએ છે
૯૪૨૬૨ ૭૦૪૮૧

**મ્યુચલ ફંડ**
દર મહિને ૨૦૦૦ રોકી
૨૦ વર્ષે
૬૦ લાખ મેળવો
મો. ૯૯૨૫૪ ૫૦૩૫૦

**પ્લોટ જોઈએ છે**
૧૭૫ ચો.વાર થી ૨૦૦ ચો.વાર સરગાસણ, ચાર રસ્તા પાસે, શ્યામ રંગ, રાજપથ, દેવભૂમિ, સોમનાથ સોસા.માં
મો. : ૯૬૮૭૩ ૧૮૦૧૫
મો. : ૯૯૨૫૦ ૩૨૩૫૧